# દાનની અપીલનોમાં સુધારો

સુજ્ઞ જ્ઞાતિજન,

શ્રી સત્તાવીસ દશાપોરવાડ વિદ્યામંદિરના તા. ૩૦/૦૮/૨૦૨૧ દાનની અપીલના પરિપત્રની પહેલી લીટીમાં તા. ૨૨-૧૨-૨૦૨૧ છે. તેને તા. ૨૨-૧૨-૨૦૨૦ સુધારીને વચાંણે લેવા સર્વે જ્ઞાતિજનોને વિનંતી છે. આ સાથેનો તારીખ સુધારેલો પરિપત્ર મૂકેલ છે.

## શ્રી સત્તાવીસ દશાપોરવાડ વિદ્યામંદિર

(ટ્રસ્ટ રજી. નં. એ-૧૫૬, તા. ૨૨ સપ્ટેમ્બર, ૧૯૫૨)
સ્વસ્તિક ચાર રસ્તા, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન : ૨૬૪૨૨૦૦૪, મો. : ૯૪૨૬૪૮૩૩૦૮, E-mail : info27sdp@gmail.com Website : www.27sdp.com

તા. ૩૦-૦૮-૨૦૨૧

### દાનની અપીલ

સુજ્ઞ જ્ઞાતિજન,

શ્રી સત્તાવીસ દશાપોરવાડ વિદ્યામંદિર કારોબારી દ્વારા તા. ૨૨-૧૨-૨૦૨૦ ના રોજના પરિપત્રમાં કોરોનાની મહામારીને કારણે સંસ્થાની આવક બંધ થઈ ગઈ હોવાથી સંસ્થાના સ્થાયી ખર્ચાઓને પહોંચી વળવા માટે દાન - સખાવત મેળવવા માટે જ્ઞાતિજનોને અપીલ કરવામાં આવી હતી. આ અપીલના અનુસંધાને જ્ઞાતિજનો દ્વારા ખુબજ જૂજ પ્રતિસાદ મળ્યો છે.

સંસ્થાની હાલની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈ જ્ઞાતિજનોને ઉદાર હાથે દાન - સખાવત આપવા સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યો દ્વારા આગ્રહભરી નમ્ર અપીલ કરવામાં આવે છે.

હાલની આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવા અને જ્ઞાતિજનોને મળતી સગવડો અને સહાયો યથાવત ચાલુ રહે તે માટે દાન અને સખાવત મેળવવા માટે સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યો જ્ઞાતિજનોનો સંપર્ક કરશે. જેમા જ્ઞાતિજનોના કલ્યાણઅર્થે ઉદાર હાથે દાન આપવા નમ્ર વિનંતી છે.

લિ.

કેતનભાઈ જસવંતલાલ શાહ
પ્રમુખ

સંદિપભાઈ વસંતલાલ શાહ
માનદમંત્રી